GJBK040035482022

| | |
|---|---|
| કેસ પ્રાપ્તિ તારીખ | ૦૬/૧૦/૨૦૨૨ |
| કેસ દાખલ તારીખ | ૦૬/૧૦/૨૦૨૨ |
| કેસ નિર્ણિત તારીખ | ૧૪/૧૦/૨૦૨૩ |
| અવધિ ૦૦ વર્ષ | ૧૧ માસ ૨૧ દિવસ |

**મે.જ્યુડીશીયલ મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ સાહેબ**
**(કુલદીપ આર. શર્મા)શ્રીની અદાલત સમક્ષ, મુ. ડીસા.**

**ફોજદારી કેસ નં. ૨૬૬૮/૨૦૨૨**
**આંક:–**

**ફરીયાદી :– સરકાર**

**વિરૂઘ્ધ**

**આરોપી :– દિનેશજી ગંભીરજી ઠાકોર**

રહે. આખોલ મોટી, તા.ડીસા,

જી.બનાસકાંઠા.

**ગુનો :– ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ–૬૫ એ એ મુજબ..**

..........................................................................................

**ફરીયાદી તર્ફે :– વિ.એ.પી.પી.શ્રી. એસ.એચ.ગૌસ્વામી**
**આરોપી તર્ફે :– વિ.વ. શ્રી. એમ.પી.પુનડીયા**

..........................................................................................

## -:ઠરાવ:-

(૧) ફરીયાદપક્ષના કેસની ટુંકમા હકીકત એવી છે કે, આ કામના આરોપીએ તા.૨૫/૦૭/૨૨ ના રોજ મોજે આખોલ મોટી ગામની સીમમાં પોતાના કબજા ભોગવટાના રહેણાંક ઘરમાં દેશી દારુ લીટર-૧૦, કિંમત રૂા.૨૦૦/- નો ગેરકાયદેસરનો પ્રોહી મુદામાલ રાખી રેડ દરમીયાન હાજર ના મળી આવી,ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ-૬૫ એ એ મુજબનો ગુનો કરેલ છે.

(૨) હાલના કામે આરોપી સામે ગુજરાત નશાબંધી અધિનીયમની કલમ- ૬૫ એ એ, મુજબના શિક્ષાપાત્ર ગુના સબબની ફરીયાદના આધારે ચાર્જશીટ રજૂ થતાં, આરોપી વિરૂધ્ધ સમન્સ ઈસ્યુ કરતાં. આરોપીને સમન્સની બજવણી થતાં આરોપી તેમના વિકીલશ્રી મારફતે હાજર થતાં આરોપીને પોલીસ પેપર્સની નકલો વિનામુલ્યે પુરી પાડી આંક-૦૬ થી વિગતવારનું તહોમતનામું ઘડી વાંચી સંભાળવેલ છે. ત્યારબાદ આરોપીનું નિવેદન આંક-૦૭ થી નોંધેલ છે, જેમાં આરોપીએ તેમના વિરૂધ્ધના ગુનાનો ઈન્કાર કરેલ છે. જેથી સદરહું કેસ પુરાવા ઉપર મુલતવી રાખવામાં આવેલો.

(૩) ફરીયાદપક્ષે આરોપી વિરૂધ્ધ તહોમત પુરવાર કરવા નીચે મુજબનો મૌખીક તેમજ દસ્તાવેજી પુરાવા રજુ કરેલ છે.

### મોખીક પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|
| ૧. | ફરીચાદી કલ્પેશભાઈ કચરાભાઈ ની જુબાની | ૧૦ |
| ૨. | પંચ સાહેદ વિક્રમજી મનજીજી ઠાકોર ની જુબાની | ૦૮ |

### દસ્તાવેજી પુરાવો

| ક્રમ | વિગત | આંક |
|---|---|---|

| | | |
|---|---|---|
| ૧. | ફરીયાદ | ૧૧ |
| ૨. | પંચનામું | ૦૯ |

**(૪)** ફરીયાદપક્ષનો પુરાવો પુરો થતાં આરોપીનું સીઆર.પી.સી. કલમ ૩૧૩ મુજબ વિશેષ નિવેદન નોંધી શકાય તેટલો પુરાવો રજુ થયેલ ન હોઈ આરોપીનું વિશેષ નિવેદન નોંધવામાં આવેલ નથી.

**(૫)** ફરીયાદપક્ષના વિ.એ.પી.પી.શ્રી તથા આરોપીના વિ.વ.શ્રીની દલીલો વિગતવાર સાંભળી.

**(૬)** ઉપરોકત હકીકતોને લક્ષમાં લેતા આ કોર્ટના નિર્ણય માટે નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છે.

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંકપણે સાબિત કરે છે કે, આ કામના આરોપીએ તા.૨૫/૦૭/૨૨ ના રોજ મોજે આખોલ મોટી ગામની સીમમાં પોતાના કબજા ભોગવટાના રહેણાંક ઘરમાં દેશી દારુ લીટર–૧૦, કિંમત રૂા.૨૦૦/– નો ગેરકાયદેસરનો પ્રોહી મુદામાલ રાખી રેડ દરમીયાન હાજર ના મળી આવી, ગુજરાત નશાબંધી અધિનિયમ કલમ– ૬૫ એ એ મુજબનો ગુનો કરેલ છે?

(૨) શું હુકમ ?

**(૭)** ઉપરોકત મુદ્દાઓ પરત્વે આ અદાલતના નિર્ણયો નીચે મુજબ છે.

(૧) નકારમાં
(૨) આખરી હુકમ મુજબ

**–:<u>કારણો</u> :–**

**<u>મુદ્દાનં.૧ પરત્વે</u>**

(૮) ફરીયાદપક્ષના પુરાવાનું મુલ્યાંકન કરતા પહેલા, ફોજદારી કાર્યવાહીમાં પુરાવાનુ મુલ્યાંકન, વિશ્લેષણ કરતી વખતે પ્રસ્થાપિત થયેલ કેટલાંક સિંધ્ધાંતો લક્ષમાં લેવા જરુરી છે, જે નીચે મુજબ છે.

**૧.** ફોજદારી કાયદા મુજબ ફરીયાદપક્ષે આરોપી સામે પોતાનો કેસ નિ:શંક પુરાવાથી પુરવાર કરવાનો રહે છે. જયારે આરોપી પક્ષે પોતાનો બચાવ સંભવિતતાના સિધ્ધાંત ઉપર પુરવાર કરવાનો રહે છે. અને તે માટે આરોપીપક્ષ ફરીયાદપક્ષના સાહેદોના પુરાવા દરમ્યાન ઉલટ તપાસમાં તે હકીકત પુરવાર કરી શકે છે.

**૨.** જયારે કોઈ કિસ્સામાં ફરીયાદપક્ષના સાહેદોના પુરાવામાં કોઈ ગૌણ અને ક્ષુલ્લક વિરોધાભાસ હોય તો તેને લઈને ફરીયાદપક્ષના કેસને કોઈ નુકશાન થતુ નથી. પરંતુ જો સાહેદોનો પુરાવો મહત્વની બાબતમા વિરોધાભાસી અને અસંગતતાભર્યો હોય તો તેવા પ્રસંગે તે હકીકત ફરીયાદપક્ષની વિપરીત જાય.

**3.** ભારતીય પુરાવા અધિનીયમ કલમ–૧૩૪ લક્ષમાં લેતાં, કોઈ એક હકીકત સાબિત કરવા અમુક સાહેદોની સંખ્યા હોવી જરુરી નથી. એટલે કે, સાહેદોની સંખ્યા/જથ્થો નહી, પણ પુરાવાની ગુણવત્તા કે સાહેદોનાં પુરાવાની વિશ્વાસનીયતા મહત્વની છે.

**૪.** ફોજદારી કાયદાનો એ સિધ્ધાંત પણ સુસ્થાપિત છે કે, ફોજદારી કેસમાં જે કાંઈ નિર્ણય ઉપલી અદાલતે આપેલ હોય છે તે જે તે કિસ્સાની સંબંધીત હકીકતો અને સંજોગો આધારીત હોય છે અને તે ચુકાદો હકીકતો ઉપર આધારીત ચુકાદો ગણાય છે અને તેથી જે તે ચુકાદો હાથ ઉપરના કેસની હકીકતોમા આપોઆપ લાગુ પડતા નથી. અદાલતે પોતાની સમક્ષના જે તે કિસ્સાની હકીકતો અને સંજોગો તથા રેકર્ડ ઉપરના પુરાવાના અનુસંધાને જે તે કિસ્સામાં નિર્ણય લેવાનો રહે છે.

**(૯)** આ કામે ફરીયાદ પક્ષે પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનીયમની કલમ–૧૦૧ તથા ૧૦૨ મુજબ સાબિત કરવા માટે સર્વ પ્રથમ ફરીયાદી કલ્પેશભાઈ કચરાભાઈ (આંક–૧૦) નાઓને તપાસતા તેઓએ પોતાની તપાસને અનુરુપ જુબાની આપેલ છે.

બચાવપક્ષે ફરીયાદીની ઉલટ તપાસ કરતાં તેઓએ એ વાતનો સ્વીકારેલ છે કે, ફરીયાદમાં પંચોના નામ જણાવેલ નથી. બનાવ વાળી જગ્યાની આજુબાજુમા ઘણા બધા ઘરો આવેલા છે અને ત્યાં લોકોની અવર જવર રહે છે.

**(૧૦)** આ કામે ફરિયાદ પક્ષે પોતાનો કેસ ભારતીય પુરાવા અધિનિયમની કલમ–૧૦૧ તથા ૧૦૨ મુજબ સાબિત કરવા માટે પંચ સાહેદ વિક્રમજી મનજીજી ઠાકોર ને (આંક–૦૮) થી તપાસતા તેઓએ પોતાની કોર્ટ રૂબરૂની સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે, પોલીસે તૈયાર પંચનામામાં તેઓની સહી/અંગુઠો કરાવેલ. સદર પંચનામું અમોએ વાંચેલ નહી. પોલીસે અમોને વાંચી સંભળાવેલ નહી હોવાનુ તેઓને આંક–૦૯ વાળુ પંચનામુ બતાવતા તેમાં પંચ તરીકે તેઓની સહી/અંગુઠો ઓળખી બતાવતા હોઈ આ સાહેદને વિ.એ.પી.પી.શ્રીની મૌખિક વિનંતીથી ફરીયાદપક્ષે ફરી ગયેલ જાહેર કરી કોર્ટની પરવાનગીથી ફરીયાદપક્ષે ઉલટ તપાસમાં પુછી શકાય તેવા પશ્નો પુછવા છતા પણ ફરીયાદપક્ષની હકીકતને સમર્થન મળી રહે તેવી કોઈ હકીકત રેકર્ડ પર આવેલ નથી.

**(૧૧)** આમ, ઉપરોકત પુરાવાનું મુલ્યાંકન કરવામાં આવે તો પંચ સાહેદોએ ફરીયાદપક્ષના કેસને સમર્થન આપેલ ન હોવાથી નામદાર બોમ્બે હાઈકોર્ટ ધ્વારા નિર્ણીત મહારાષ્ટ્ર રાજય વિ. ઓમકાર માનીક પાટીલ ક્રિમીનલ લો રીપોર્ટર

(એમ.એચ.) ૧૯૭૯ પાન નં. ૪૨૧નો ચુકાદો ધ્યાને લેતાં જો પંચસાહેદો ફરી ગયેલ જાહેર થયેલો હોય ત્યારબાદ અન્ય પોલીસ સાહેદ તપાસવામાં આવે તો પણ આરોપીને ગુના સાથે સાંકળતો પુરાવો રેકર્ડ ઉપર આવવાનો સંભવ નથી.

સ્ટેટ ઓફ ગુજરાત વિરૂધ્ધ સુરેશભાઈ એસ.પટેલનો ચુકાદો કે જે (૨૦૧૧) ૨૬ જી.એચ.જે.(૧)માં પ્રસિધ્ધ થયેલા છે. જેમાં નામદાર ગુજરાત હાઈકોર્ટના પ્રસ્થાપિત સિધ્ધાંત પ્રમાણે જયારે પંચ સાહેદો ફરીયાદપક્ષે ફરી ગયેલ સાહેદ તરીકે જાહેર થાય ત્યારે ફરીયાદીના પુરાવા પર આધાર રાખવો એ સલામતભર્યુ ગણાય નહી.

માનસીંગ મુળુભાઈ કાઠી દરબાર વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાત ૨૦૧૨ જે. એલ.એચ.ઈ.એલ.એચ.સી. પાન નં. ૨૨૭૬૯૮માં પ્રસ્થાપિત સિધ્ધાંતો મુજબ ''જો કોઈ પંચ સાહેદો ફરીયાદપક્ષના કેસને સમર્થન આપતો પુરાવો ન આપે તેમજ આરોપી પાસેથી રીકવર કરેલ મુદ્દામાલ શીલ અને સ્લીપ કરેલાનો શંકા ઉપજાવતો હોય તેમજ સ્વતંત્ર સાહેદો તપાસેલા ન હોય અને સાક્ષીના પુરાવામાં મહત્વની બાબતનો વિરોધાભાસ જણાતો હોય તો આરોપીને શંકાનો લાભ આપી શકાય.''

State Of Gujarat Versus Raijibhai Chaturbhai Solanki, [ AIR 1960 Guj 24]. It was held that "Where the law makes it obligatory for a search to take place in presence of Panchas and the only evidence on which the prosecution ask for a conviction of the accused is police evidence the court will not ordinarily act on that evidence."

The real principle is that where the presence of the Panchas is obligatory at the time of search, the evidence of the Police Officer conduction the search must ordinarily be corroborated, and that if there is no such corroboration, ordinarily, a conviction should not rest solely

on the uncorroborated testimony of the police Officer who conducted the search."

**(૧૨)** આથી, ઉપરોકત તમામ સંજોગો ધ્યાને લેતાં આરોપીના કબજામાંથી કહેવાતો પ્રતિબંધિત મુદ્દામાલ મળી આવેલ હોવાનું તથા ઉકત પદાર્થ ગુજરાત નશાબંધી હેઠળ પ્રતિબંધીત પદાર્થ હોવાનું માની શકાય નહી. જેથી તમામ સંજોગો ધ્યાને લેતાં ફરીયાદપક્ષ પોતાનો કેસ પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ હોવાનું આ અદાલતનું માનવું છે.

ઉપરોકત કારણો ધ્યાને લેતાં આરોપી વિરૂધ્ધ પુરતો પુરાવો જણાઈ આવતો ન હોઈ મુદ્દા નં.૧ નકારમાં ઠેરવી મુદ્દા નં. ૨ પરત્વે નીચે મુજબનો આખરી હુકમ કરવો ન્યાયોચિત જણાય છે.

## -:આખરી હુકમ:-

(૧) ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ ૨૫૫(૧) અન્વયે આરોપી **દિનેશજી ગંભીરજી ઠાકોર** ને ગુજરાત નશાબંધી અધિનિયમની કલમ-૬૫ એ એ મુજબના શિક્ષાપાત્ર ગુન્હામાંથી નિર્દોષ છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.

(૨) હાલનો ચુકાદો, ફોજદારી કાર્યરીતી સંહિતાની કલમ-૩૫૩(૬) મુજબ આરોપીની ગેરહાજરીમાં જાહેર કરવામાં આવેલ છે (શરદ જેઠાલાલ સાવલા વિ. સ્ટેટ ઓફ ગુજરાત ફોજદારી પરચુરણ અરજી નં.૯૮૬૨/ ૨૦૧૫, નિર્ણીત તા.૧૪/૧૧/૨૦૧૬ તથા નામદાર ગુજરાત હાઈકોર્ટના સરકયુલર નં.૧૬૧૮/૨૦૧૬, તા.૫/૭/૨૦૧૬)

(૩) મુદામાલ અંગે જો કોઈ હુકમ કરવામાં આવેલ હોય તો તે કાયમ રાખવામાં આવે છે અન્યથા મુદામાલનો અપીલ સમય વીત્યા બાદ કાયદા મુજબ નિકાલ કરવાનો હુકમ કરવામાં આવે છે.

(૪) આ કામે આરોપીએ અગાઉ આપેલ જામીન ફોજદારી કાર્યરીતી સંહિતા ૧૯૭૩ની કલમ–૪૩૭ (એ) મુજબ અપીલ સમય સુધી ચાલુ રાખવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજ રોજ તા.૨૭ મી, માહે.સપ્ટેમ્બર, સને. ૨૦૨૩ ના રોજ વાંચી, સંભળાવી જાહેર કર્યો.

સ્થળ : ડીસા.
તારીખ : ૨૭/૦૯/૨૦૨૩

**(કુલદીપ આર. શર્મા)**
જયુડીશ્યલ.મેજીસ્ટ્રેટ ફર્સ્ટ કલાસ,
ડીસા
કોડ નં.જી.જે.૦૧૬૪૧